# ચીખલી પ્રેરણા ગ્રૂપ દ્વારા કુકેરીમાં અનાથ બાળકોને ગાદલા અને તકિયાની સહાયનું વિતરણ કરાયું



**ચીખલી** : ચીખલી તાલુકમાં શાંતાબા વિદ્યાલય કુકેરી ખાતે નિવાસ કરીને અભ્યાસ કરતા ગરીબ અને અનાથ બાળકોને મૂળભૂત સુવિધા પ્રાપ્ત થયા એ હેતુથી આયોજિત એક કાર્યક્રમમાં બાળકોને માટે પચાસ નંગ ગાદલા-તકિયા તથા કવરની સહાય કરવામાં આવી હતી. જેનું આયોજન મુખ્ય દાતા રીમ્પલ કિરણ મોદી (યુએસએ) તરફથી સ્વ. પિતા રમણલાલ છગનલાલ ગાંધીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે કરવામાં આવ્યું હતું. બાળાઓના સુંદર નૃત્ય રજૂઆતથી પ્રભાવિત થઈ ઉપસ્થિતોએ બાળાઓને રોકડ પુરસ્કારથી નવાજી હતી. કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત ધીરુભાઈ ગાંધી (કેનેડા), નરેશભાઈ આહિર, વિષ્ણુ આમેટા, ઈન્દ્રવદન ખત્રી તથા વલસાડના નિલેશ કરાડિયાના હસ્તે સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યે આ પ્રેરણા ગ્રૂપનો આટલે દૂરથી આવીને આ સહાય આપવા બદલ આભાર માન્યો હતો. નરેશભાઈ આહીરે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, રેલ, ભૂકંપ જેવી કુદરતી આફત હોય કે પછી અંતરિયાળ વિસ્તારમાં અનાજ, ધાબળા અને મેડિકલ સહાય પહોંચાડવાની હોય, પ્રેરણા ગ્રૂપ હંમેશા અગ્રેસર રહ્યું છે.